ब्रह्मचर्य महिमा

રચનાર,

दुर्लभदास वि. स्यामजी ध्रुव:

જામનગરવાસી.

॥ यतोभ्युदयनिः श्रेयसिद्धि स धर्मः ॥

અર્થ:- જેનાથી ઉદય તથા કલ્યાણ થાય તેજ ધર્મ છે.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૫૪. સન ૧૮૯૭.

"સાક્ષર સાહાયક પ્રશ્ન પ્રબોધક" પ્રીંટીંગ પ્રેસમાં

દી૦ સો૦ રીહરે છાપ્યું છે.

66१७

હરિગીત.

જે નેક ટેક વિવેકથી, હિત આર્યનું કરનાર છે,
ભડ ભાટિયાની જ્ઞાતિમાં, જે પુરૂષનો અવતાર છે;
સુત **ધર્મસિંહ** તણા કુશળ, જે ઓળખે આભાસને,
લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં, તે શેઠ **સુંદરદાસને.**
ગતિ પૂર્વવત જે દેશની, અવલોકવા આતુર ઘણા;
તન, મન, ધને તૈયાર જે, દુખ ટાળવા ચાતુર તણા.
શુભ બ્રહ્મચર્ય મહત્વ હું, જેની કૃપાથી વિસ્તરૂં;
તે શેઠ **સુંદરદાસને**, લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં.

મુંબઇ, તા. ૧-૧૨-૯૭. } **દુર્લભદાસ.**

ब्रह्मचर्य महिमा.

मंगलाचरण.

शार्दूल.

જેનાથી સુખરૂપ આ જગતનો, આભાસ દેખાય છે;
જે છે વ્યાપક શક્તિથી જલસ્થલે, જેને ગુણી ગાય છે;
જેનાથી નથિ શ્રેષ્ઠતા અવરની, જે છે નિયંતા સદા;
તે વિશ્વંભર આર્યના હિત તણું, રક્ષા કરો સર્વદા.
ત્યાગી ઉત્તમ પ્રીતિ ભારતજને, તે કેમ વાળી વળે!
લાગી બાળક લગ્નનીજ લગની, તે કેમ ટાળી ટળે!
જાગી મોહકવૃત્તિ ખૂબ મનમાં, તે કેમ ખાળી ખળે!
માગી મેં કૃતિ એ પ્રભુ તુજકને, તે જેમ પાળી પળે.

વાચકવર્ગ પ્રત્યે વિજ્ઞપ્તિ.

રક્ષા કેમ ન થાય બીજબલની, સૌજન્ય ક્યાં સૌ ગયું!
આવ્યો શું વિપરીત કાળ! દુખ આ, રે! આમ શાથી થયું!
થાઓ ના મતિહીન દીન બનવા, આર્યત્વ ચાલ્યું જશે;
ચેતીને શુભ રીત જો પકડશો, તો ભાસ બીજો થશે.
ભૂલી કાં પ્રિય માર્ગની સુગમતા, રેતાળ રસ્તે ફરો?
થાકે છે મલ્લિનાથ ત્યાં તમતણો, કહેવાય શું આશરો!
જાણો છો પણ ક્યાંથી આમ જડતા, આવી પડી સામટી?
ત્યાગો ક્લેશિત કલ્પના તરત એ, સંકોચ જાશે ઘટી.

બ્રાહ્મણાદિકે પાળવા યોગ્ય બ્રહ્મચર્યાદિ શાસ્ત્રોક્ત ધર્મભેદને આશ્રમ કહેવામાં આવે છે. આશ્રમ ચાર પ્રકારનાં છે:

બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ. તેમાં બ્રહ્મચારી ચાર પ્રકારના છે. **ગાયત્ર્ય, બ્રાહ્મ, પ્રાજાપત્ય ને બૃહન્.** ઉપનયન આપ્યા પછી ત્રણ રાત્ર મોળું જમીને તથા પૃથ્વી ઉપર શયન કરીને ગાયત્રીનું અધ્યયન કરે તે ગાયત્ર્ય, ચોવીશ વર્ષ બ્રહ્મચારીના નિયમોનું પાળન કરી ગુરૂકુલમાં વસી વેદાધ્યયન કરે તે બ્રાહ્મ, અડતાલીશ વર્ષ ગુરૂકુલમાં વસી બ્રહ્મચર્ય પાળી વેદાધ્યયન કરે તે પ્રાજાપત્ય ને મરણ પર્યંત ગુરૂકુલમાં વસી બ્રહ્મચર્ય પાળી અધ્યયનાદિ કરે તે બૃહન્. કેટલાક લેખકો પ્રથમના ત્રણ પ્રકારના બ્રહ્મચારીને ઉપકુર્વાણ ને છેલ્લાને નૈષ્ઠિક એવા નામથી પણ ઓળખાવે છે. દ્વિજપુત્રને જનોઈ આપ્યા પછી તેના બ્રહ્મચર્યાશ્રમનો પ્રારંભ થાય છે. ગર્ભથી આઠમે વર્ષે બ્રાહ્મણને, ગર્ભથી અગિયારમે વર્ષે ક્ષત્રિયને ને ગર્ભથી બારમે વર્ષે વૈશ્યને જનોઈ આપવું. બ્રહ્મતેજની ઇચ્છા રાખનાર બ્રાહ્મણને પાંચમે વર્ષે, બળ વધારવાની ઇચ્છા રાખનાર ક્ષત્રિયને છઠ્ઠે વર્ષે ને ધન વધારવાની ઇચ્છા રાખનાર વૈશ્યને આઠમે વર્ષે પણ જનોઈ આપી શકાય. બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યને અનુક્રમે સોળ, બાવીશ ને ચોવીશ વર્ષપર્યંત જનોઈ આપવામાં ન આવે તો પછી તેમને પ્રાયશ્ચિત્ત કરાવ્યા સિવાય જનોઈ આપી શકાતું નથી.

આ પ્રમાણે બ્રહ્મચર્યાશ્રમનું મૂળ બંધારણ છે. સ્ત્રી વર્ગને માટે બ્રહ્મચર્ય સંબંધી નિયમો વળી આવા છે. ૨૫ વર્ષના પુરૂષને માટે ૧૬ વર્ષની, ૩૦ વર્ષના પુરૂષને માટે ૧૭ વર્ષની, ૩૬ વર્ષનાને માટે ૧૮ ની, ૪૦ વર્ષનાને ૨૦ની, ૪૪ નાને ૨૨ની ને ૪૮ વર્ષ બ્રહ્મચર્ય પાળનારા પુરૂષને માટે ૨૪ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળનારી સ્ત્રી જોઈએ.

વિદ્યા, આરોગ્ય, આયુષ્ય તથા બળની અભિવૃદ્ધિને અર્થે બ્રહ્મચર્ય આવશ્યક છે. બ્રહ્મચર્યના અભાવને લીધે મૂર્ખ, અના-

રોગ્ય, અલ્પાયુ અને અબળ પ્રજા થતી જાય તો એ એક રીતે સ્વાભાવિક છે. બ્રહ્મચર્ય પાળવામાં એકાન્તવાસની અતિશય આવશ્યકતા છે. વિદ્યાલય પણ નગર બહાર ખુલ્લી હવામ જોઈએ. પુરૂષ વિદ્યાલયમાં પુરૂષ શિક્ષક ને સ્ત્રી વિદ્યાલયમાં સ્ત્રી શિક્ષક જોઈએ.

પ્રત્યેક વિવેકી સમજે છે કે, બુદ્ધિ એ દરેક મનુષ્યમાં ભલે ન્યૂનાધિક, પણ બીજ રૂપે રહેલી છે. બીજને જેમ યોગ્ય ભૂમી, યોગ્ય જળસિંચન અને યોગ્ય રક્ષણ જોઈએ છીએ તેમ બુદ્ધિ-બીજને પણ જોઈએ છીએ. બાળકની અવતર્યા પછીની ભૂમિ તે જે ઘરમાં અવતર્યું હોય છે, તે છે. જો તેને યોગ્ય ભૂમિ મળી હોય તો તેની બુદ્ધિ ઉપર ઉપદેશ રૂપી જળનું યોગ્ય સિંચન માબાપ તેમજ સંબંધીઓ તરફથી થયા કરે છે; એટલુંજ નહીં પણ તેને બીજું અગત્યનું રક્ષણ તથા શિક્ષણ મળ્યા કરે છે અને તેથી બાળકની બુદ્ધિ તેની મૂળ શક્તિના પ્રમાણમાં તેની સ્વાભાવિક વૃદ્ધિને અનુસરી પ્રફુલ્લતાને પામે છે.

આ નિયમે બાળકના પ્રથમના શિક્ષકો માબાપ અને સંબંધીઓ છે. જો તે સુશિક્ષિત હોય તો બાળક પણ સુશિક્ષિત થાય છે. પાઠશાળામાં અધ્યાપક અથવા અધ્યાપિકા પણ કુળીન, સુશીલ તથા શુભેચ્છક જોઈએ. જો શિષ્યને ઉત્તમ ગુરૂ ન મળે તો પરિણામ વિપરીત આવે છે.

હરિગીત.

પદ ગુરૂતણું ધારણ કરી, જો ગુરૂપણું રાખે નહીં;
ઘટિ જાય તો ગૌરવ ગુરૂનું, કીર્તિફળ ચાખે નહીં;
છે ગુરૂ પણ માબાપ સમ, સૌ શાસ્ત્રકારો કહી ગયા;
જે શિષ્યનું હિત ના જુએ, તે નામના શિક્ષક થયા !

ગુરુ શબ્દનો છે અર્થ ઉત્તમ, વિરલ નર સમજે ઉરે;
અજ્ઞાન શિક્ષક શું કરે? પદ—અર્થ પણ નહીં જ્યાં સ્ફુરે!
જે ગુરુ શાન્ત, સુશીલ ને, પ્રિય વચનનો પરજન્ય છે:
તે ગુરુનું જીવિત સદા, આ જગત્—જનમાં ધન્ય છે.

આ ઉપરથી પ્રત્યક્ષ દેખાય છે કે, જે બાળક ઉત્તમ માબાપને ઘેર જન્મે છે, ઉત્તમ ગુરુના હાથ તળે વિદ્યાભ્યાસ કરે છે તથા શાસ્ત્રોક્ત બ્રહ્મચર્ય પાળે છે તે બાળકનું જીવિત-વૃક્ષ સારી રીતે ઉછરે છે.

બાલ કાળ એમાંનું કેટલે અંશે પાળવામાં આવે છે તે આપણે સૌ જોઈએ છીએ તથા જાણીએ છીએ. પ્રાજાપત્ય ને બ્રહ્મની નામમાળા તો એક તરફ રહી; પણ ગાર્હસ્થ્ય ને આઠ પણ કોણ પાળે છે?! સાંપ્રત સમયમાં જો માત્ર આઠ બ્રહ્મચર્યનું પાલન થતું હોત તોપણ આપણી આવી સ્થિતિ કદી ન થાત.

સવૈયા એકત્રીશા—લાવણી.

બ્રહ્મચર્ય વિન શૌર્ય બુદ્ધિનો, બહાલા વેગે થાય વિનાશ;
આર્ય તણું કાં બિરદ ડુબાવો?! શોધો સત્ય લઈ અવકાશ;
પુરુષ બીજ ત્યમ સ્ત્રીના રજની, કેમ પકવતા આવે આમ?
હૃદયચક્ષુ લવ હવે ઉઘાડો, લાજે છે પૂર્વજનું નામ.
સાંપ્રતની શોભા શી જોવી! પરિપાટી પકડો પ્રાચીન;
ધર્મ—કર્મનો મર્મ તજીને, મિથ્યા કેમ બનો છો દીન?!
ઘર્ષણ, છેદન, તાપ, તાડને, સોનાનો કસ છેવટ થાય;
બ્રહ્મચર્યને પંથે પળતા, મનુજ જાતિનું મન પરખાય.
ગઇ ધીરતા ક્યાં સંતાઇ?! ક્યાં ગયું સમજણનું નીર!

* **સુશ્રુત વાગ્ભટને** કેમ ભૂલો? ધ્યાન ધરી ઉર સમજો વીર;
સોળ વર્ષની ત્રિયા યોગ્ય છે, પુરૂષતણું વય વર્ષ પચ્ચીશ;
એનાથી જો ન્યૂન હોય તો, અબળ પ્રજા–દુખ આવે શીશ.
છે † **મનુ** વચનો એજ નિયમને, દઢ કરનારા કરો વિચાર:

---

* **ऊन षोडशवर्षायाम प्राप्तः पंचविंशतिम् ।**

यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थः स विनश्यति ॥१॥

जातोवान चिरंजीवेज्जीद्वा दुर्बलेन्द्रियः ।

तस्मादत्यंत बालायां गर्भाधानं नकारयेत् ॥ २ ॥

पंचविंशे ततो वर्षे पुमान् नारी तु षोडशे ।

समत्वागतवीर्यौ तौ जानीयात् कुशलो भिषक् ॥ ३ ॥

ભાવાર્થઃ—સોલ વર્ષ પૂરાં થયા વિનાની સ્ત્રીને વિષે પચ્ચીશ વર્ષ પૂરાં થયા વિનાનો પુરૂષ જો ગર્ભાધાન કરે, તો તે ગર્ભ કુખમાંજ નાશ પામે; અને કદી જન્મે, તો જીવે નહીં, ને જીવે તો દુર્બલ રહે; તેથી અતિ બાળક સ્ત્રીને વિષે ગર્ભાધાન કરવું નહીં. (૧–૨)

જન્મથી પચ્ચીશમે વર્ષે પુરૂષ તથા સોલમે વર્ષે સ્ત્રી, બન્ને સમાન વીર્યને પ્રાપ્ત થાય છે; આમ કુશલવૈદ્યો જાણે છે. (૩)

સુશ્રુત.

षोडशवर्षायाः पंचविंशतिवर्षः पुत्रार्थं यतेत ॥

ભાવાર્થઃ—પચ્ચીશ વર્ષના પુરૂષે સોલ વર્ષની સ્ત્રીથી પ્રજા ઉત્પન્ન કરવાનો યત્ન કરવો.

વાગ્ભટ્ટ.

† **त्रीणि वर्षाण्युदीक्षेत कन्या ऋतुमती सती ।**

चतुर्थे त्वथ संप्राप्ते स्वयं भर्तारमर्जयेत् ॥ ४ ॥

ભાવાર્થઃ—કન્યાએ ઋતુમતિ થયા પછી ત્રણ વર્ષ સુધી પોતાથી અધિક ગુણવાળા વરની વાટ જોવી; ને તેટલામાં તેવો વર ન મળે ને ચોથું વર્ષ બેસે તો પોતા સરખા ગુણવાળા વરને પરણવું.

રજ દેખાયા પછિ પણ કન્યા, ત્રિવર્ષ શોધિ શકે ભર્તાર;
આજકાલ તો લોક રૂચિમાં, ફેરફાર દેખું હદ બ્હાર;
હાનિ થાય પણુ હઠ નહિ છોડે, જરાક જોય ના સારઅસાર.

હાનિ થાય છે પણ હઠ નથી છોડતા એ શી રીતે ? એજ લાવણીમાં.

ભલે અબળતા આવે વસમી, ભલે અસાવધ રોજ થવાય;
ભલે પામર જન્મે નર, મનપર અંકુશ નહીં રખાય;
અબુધ રહ્યા તો ભલે રહ્યા નર, સદોષ વર્તન નહીં તજાય;
પણુ શુભ આજ્ઞા પૂજ્ય નરોની, માનનીય તો નહીં ગણાય.
ભલે અલ્પાયુ રોગી આળસુ, આ દેશમાં બહુ ઉભરાય;
ભલે સત્વ પૌરૂષ બલ સાહસ, આપનાર ક્રમ ખંડિત થાય;
ભલે દીનતા આવે દોડી, નથી બીક કિંચિત ઉરમાંય;
પણુ શુભ આજ્ઞા ઋષિ–મુનિઓની, માનનીય તો નહીં ગણાય.
એક નિમિષમાં ભલે અમારી, અમૂલ્ય માળા તૂટી જાય;
ભલે શાન્તિને બદલે ઘરમાં, અમલ ભ્રાન્તિનો ખૂબ ભરાય;
ભલે કલેશ વ્યાપે નિજકુળમાં, ભલે પરસ્પર નિત્ય લડાય;
પણુ શુભ આજ્ઞા પરમ પુરૂષની, માનનીય તો નહીં ગણાય.
ભલે નિવાસી ઇતર દેશના, સમર્થ અમથી અતિ કહેવાય;
ભલે અમારાં રંક અર્ભકો, ચપટી કણુ માટે અથડાય;
પ્રસન્ને બદલે પશુની ઉપમા, ભલે ભ્રાત અમને દેવાય;
પણુ શુભ આજ્ઞા સુખદ શાસ્ત્રની, માનનીય તો નહીં ગણાય.
કલંક લાગે ભલે દેશને, પણુ આ રૂઢી નહીં તજાય;
ભલે નિહાળી કૂપ બાપનો, કદાચ તેમાં ડૂબિ મરાય;
મોરણુ જોઇ ભલે જગતના, જનથી ખડખડ હસી જવાય;
પણુ શુભ આજ્ઞા હિતવાદીની, માનનીય તો નહીં ગણાય.
લોક નજરમાં ભલે અમારૂં અધર્મનું પગલું દેખાય;
નથીજ ચિંતા અમને એની, શું જનમુખ ગરણું બંધાય!

નર વ્યભિચારી વધે દેશમાં, પ્રાજ્ઞ પુરુષ છોને શરમાય!
પણ શુભ આજ્ઞા બુદ્ધિમાનની, માનનીય તો નહીં ગણાય.
અવર ભૂમિની ભલે કદાચર, માણસથી જનો વખણાય;
ભલે દીગણુા અમે રહીએ, ભલે * કજોડાં બહુ જોડાય;
અસલ કલહથી હાય! અમારૂં, ભલે શેર શોણિત ઝરાય;
પણ શુભ આજ્ઞા દીર્ઘદર્શીની, માનનીય તો નહીં ગણાય.
જન્મે ત્યાંથી પ્રિય બાળકડાં, ભલે વ્યાધિથી નિત્ય ગવાય.
ભલે † હૃદયનું દરદ થાય વા, ભલે ક્ષય કફથી ઘેરાય;
વીર્યહીન મતિહીન થાય નર, ભલે તરૂણ ક્ષયમાંહિ ફસાય;
પણ શુભ આજ્ઞા જ્ઞાતાજનની, માનનીય તો નહીં ગણાય.
ભલે મૂર્ખના અતિશય પ્રસરે, બ્રહ્મચર્ય નર નહીં પળાય;
કામ જ્વાળથી નરમ કાળજું, લઘુની વહુનું નર શેકાય;
‡ પ્રેમ શબ્દને ખરા અર્થમાં, ભલે નહીં આમથી ઘુસાય;
પણ શુભ આજ્ઞા ધીરવીરની, માનનીય તો નહીં ગણાય.

---

* તે અનેક પ્રકારે જોડાય છે. ગુણ, રૂપ, વય, વિદ્યા, કુળ, કદ, સ્વભાવ ઇત્યાદિ.

† અંગ્રેજીમાં જેને હાર્ટડીસીઝ કહે છે તે.

अज्ञात पति मर्यादा मज्ञातपति सेवनाम् ।
नोद्वाहयेत्पिता बालामज्ञातधर्मशासनम् ।

અર્થઃ—

કન્યા જ્યાં સુધી પતિની મર્યાદા, સેવા તથા ધર્મશાસ્ત્રમાં કહેલા સ્ત્રીધર્મથી અજાણી હોય ત્યાં સુધી પિતાએ તેનો વિવાહ કરવો નહીં.

દોહરો.

નથી જાણતી જ્યાં લગી, પતિસેવા મર્યાદ;
નહિ પરણાવો ત્યાં લગી, નિજ કન્યા કરિ વાદ.

હવે રમણી બાલે જુવાનીમાં, ભલે હૃદયમાં લાગે લ્હાય;
નિરૂધમી નર ફરે જુવાનો, ભલે જીવિત ઘટ ઘટ નિંદાય;
નર બાળકથી માતપિતાને, શિશુ મુખથી ગાળો ભંડાય;
પણ શુભ આજ્ઞા અનુભવીઓની, માનનીય તો નહીં ગણાય.
ભલે બાળની પ્રસવકાળનાં, સંકટથી અત્યંત પિડાય;
નર તે વખતે સહચારી નરનું, ભેજું શોક થકી ભેદાય;
જો વંશજની થાય ખરાબી, નર ફરે ડગ ભરતાં પાય;
પણ શુભ આજ્ઞા દુર્લભની આ, માનનીય તો નહીં ગણાય.

ભાષાનો એક કવિ શું કહે છે!

कवित–मनहर.

जाहिर जिहान बीच जुलम जमाय माह,
फूलन फटेले केते करत कुफंदहीं;
जोर जबरायल ज्यों जुवती छिनाई जान.
देख बिल्लात जात दीननके ब्रंदहीं;
बनी भयभीत तामें करतहीं बाल्लग्न.
कहे सब मत्य जबरेम मुकव्यंदहीं;
संतति उसीकी रुज सहित हमेस रही.
तेज–बलहीन और होत मतिमंदहीं.
बाललग्न कियेनें संयोगकाल भंग होत.
संतति उनूकी सबें दुखित दिखात है;
केते कमजोर बुधहीन अंगहीन केते,
केते दुष्ट व्याधिमें अनंत बिल्लात है;
जबर अनंत मित सुनहु लगाय चित.

याहिते अनेक जन बंध्यपद पातहे;
ओर तनक आयु भये तें बिनास होत,
येही बात सब सद्ग्रंथमें विख्यात हे.
बहिन दुहिता वधू छलमें छिनाई जात,
गजब गुजारे. एसो जोर तुरकानेको;
ताहींपें प्रचंड जोध जंगमें इरोपी आय,
किनो हे बिनास त्रास जालम जमानेको;
तोपे बाललग्न छोर अरे मतिमंद क्यों न?
करत इलाज सुख संतति बढानेको;
भनें जबरेस द्रग खोल अब आर्यबंधु,
करहु प्रकास खास भान हिंदवानेको.

कुंडलियो.

महिला मोहक मेहेलमें लंपट लोग फसाय;
कपट कुलुफ छल चावीमें द्वार बंद होजाय;
द्वार बंद होजाय परत प्रेमनका फांसा;
नहीं ग्यान नहीं मान, देख लो फेर तमासा;
कथेसु दुर्लभ बानी, खल्क दिवानी खेलमें;
लंपट लोग फसाय, महिला मोहक मेहेलमें.

કવિત—મનહર.

આનવૃત્તિ વાળા કામ—સગડીમાં શેકાનારા,
જે નરો છે તેની મનોવૃત્તિને ધિક્કાર છે;
નારીની હિંમત નહીં રહે ત્યાં હિંમત શાની?

ખરી તક આવે ત્યારે હાજર થનાર છે;
જે છે જડ જેવા જ્યાં ન શ્રેયનો વિચાર કરશો,
તેઓનો આ પૃથ્વીને મફતનો ભાર છે;
પ્રકાશે પતંગ હોંશે પડે છે આંધળા જેમ,
તેમ મોહપંકમાં એ સદા પડનાર છે.
બ્રહ્મચર્ય પાળ કુમારકાળ સાચે ભાળ ભાઈ,
બાળ. પાપની અજાણ વાત આ વિચારીને;
આવ નહીં આળ વાંકો થાય નહીં વાળ તારો,
બાળને કુટેવ બધી વિકારો વિસારીને;
પાયા વિનાનો વિશાળ તૂટી જાય જેની માળ,
સંભાળ શરીર સત્વ વીર્યને વધારીને;
મૂળ ઉંડું હોય જેનું તેને છે ફિકર શાની ?
બ્રહ્મચર્ય મૂળ ઉંડું એમ દે ઉતારીને.
વિદ્યાનો વિલાસ નહીં પ્રીતિનો પ્રકાશ નહીં,
વાણીનો વિકાસ નહીં ભાસ નહીં ભાવનો;
ઉત્તમ અભ્યાસ નહીં પરમ પ્રયાસ નહીં,
અંતર ઉલ્લાસ નહીં દાઉ ખોટા દાવનો;
એકાંત અવાસ નહીં તરણીનો ત્રાસ નહીં,
ભરૂસો લગારે નહીં બ્રહ્મચર્ય નાવનો;
દારાઓના દાસ બન્યા પાછળ ઉદાસ થવા,
હોય તો દેખાય દામ દામ વીર્યભાવનો.
ભારતની પ્રજા રહ્યું બ્રહ્મચર્ય તજી બેઠી,
જયની ધ્વજાને કજા પૂરે પૂરી આવી છે;
મેલી મજા કરવામાં ગુંથાયા છે મોજીલાઓ,
ક્ષુધાદેવી ચારે દિશા જોર કરી ફાવી છે;
વિષય વિકારે કર્યા કેદ હિંદવાસીઓને,
કોણ જાણે કોને રીતિ અવળી બતાવી છે!
પ્રભાત પડ્યું છે તોય ઉંઘમાંથી જાગે નહીં;

આવી રૂઢિ અસ્તના શું વખતે ચલાવી છે!
પ્રાચીન પ્રકાશ ગયો સંશય મતિમાં થયો,
શ્રુતિની ગતિ ન દેખું, દેખું સૌ પ્રમાદમાં;
દુરાગ્રહે દોઢ ડાહ્યા દોડાદોડ કરી મૂકે,
વખત ગાળે છે બધો વિપરીત વાદમાં;
કહીએ તો કોણ કોનું સાંભળે કે માને નહીં,
કોઈ દિને આવે નહીં ખરેખરૂં યાદમાં;
દુઃખમાં દટાય પણ સારૂં જરા સૂઝે નહીં;
સુનાદ છોડીને ચાલે કેવળ કુનાદમાં.
બ્રહ્મચર્ય વિના મુખ્ય બ્રાહ્મણોએ બ્રહ્મત્વને,
ખામીઓ વધારી ઘણી ખોટ ખાઈ ખોયું છે;
બ્રહ્મચર્ય વિના રજપૂતી ખોઈ રજપૂતે,
સનાતન તજી અહિફીણ સામું જોયું છે!
બ્રહ્મચર્ય વિના વૈશ્ય વ્યવહાર ખોઇ બેઠા,
છાશને મૂકીને માત્ર પાણીને વલોવ્યું છે;
ઉખેડ્યું જીવન બીજ પરાણે જમીનમાંથી,
મરણનું બીજ એ જમીન માંહે બોયું છે.
કાગળની કોથળીમાં દમુ ન ભરાય કદી,
પલેસાંથી હોડી ભાર કેટલો ઉપાડશે?
જઠરમાં જોર નહીં છતાં વધુ ઓસિંયે તો,
અજીરણ થઇ આખા અંગને બગાડશે;
પાયો નાંખ્યા વિના ઉંચો મિનારો ચણાય નહીં,
ચણે તો પવન એક પલકમાં પાડશે;
નરમ સડકપર ગાડી ચલાવાય નહીં,
જાય જો ચલાવવા તો કામ વણસાડશે.
હરિશ્ચંદ્ર રામચંદ્ર નળ અને ધર્મરાય,
ધીરતા ધરીને આજે છપાયા છે છાપથી;
ભીષ્મ દ્રોણ કરણ પારથ આદિ ભડવીરો,

ભારતમાં ભલીભાતે ચળકયા છે આપથી;
તારા સીતા દમયંતી અબળાની જાતિ હતી,
તથાપિ ઝળકી કેવી સત્યતાના માપથી;
ધીરત્વ વીરત્વ અને સતીત્વ એ કયાંથી આવ્યું?
હું ધારું છું આવ્યું **બ્રહ્મચર્ય**ના પ્રતાપથી.

પદ.

પદમણી પ્યારથી રે પ્રતિદિન રાણીશ પાસ—એ રાગ.
કમાણી શી કરીરે, ભૂલ્યા બ્રહ્મચર્યનું ભાન-કમાણી.
મણી તજીને કણી કાચની, કરમાં લીધીરે;
અમૃત ત્યાગી વિખની પ્યાલી, પ્રીતે પીધીરે;
નિગમ તણી ગમ ગઇ મનમાંથી, વિસર્યા શમદમ ભેદ;
લંપટતાનો થયો વધારો, ખરેખરો એ ખેદ-કમાણી.
બાળલગ્નની બેડી જબરી, પગમાં ઘાલીરે;
લક્ષ્મીજીની રેલછેલ પરદેશે ચાલીરે;
તનમનનું બળ જાય તવાતું, તોય ન ઉઘડે આંખ!
રૂઢીવશ થઇ કાં કાપો છો? ઉદયકાળની પાંખ-કમાણી.
* શીઘ્રબોધના શ્લોકો વાંચી, કરો શું ભૂંડુંરે;

---

* **अष्टवर्षा भवेद्गौरी नववर्षा च रोहिणी ।**
दशवर्षा भवेत्कन्या तत ऊर्ध्वं रजस्वला ॥ १ ॥
माता चैव पिता तस्या ज्येष्ठो भ्राता तथैवच ।
त्रयस्ते नरकं यांति दृष्ट्वा कन्यां रजस्वलाम् ॥२॥

ભાવાર્થ:—આઠ વર્ષની કન્યાને ગૌરી કહે છે, નવ વર્ષની કન્યાને રોહિણી, દશ વર્ષની કન્યાને 'કન્યા' ને અગિયાર વર્ષનીને રજસ્વલા કહે છે. કન્યાને રજસ્વલા જોતાં માતા પિતા તથા મ્હોટો ભાઇ ત્રણે નરકમાં જાય છે. (૧-૨)

શીઘ્રબોધ.

† છે મનુજીના મતનું કારણ, અતિશય ઊંડું રે;
અષ્ટ વર્ષની ગૌરીવાળો, તજવો મિથ્યા વાદ;
પરંપરાના વચનો રાખો, નિજ અંતરમાં યાદ-કમાણી.
ચાર વર્ષની બાળાદેખું, શિશુની માતા રે;
ભલા મેળવ્યા ભોગ અમારા, ધન્ય વિધાતારે!
આ તે બુદ્ધિ ગઇ બગડી કે વા વાયો વિપરીત!
નથી સમજતા હિત પોતાનું, એ તે ક્યાંની રીત! કમાણી.
થાય ખરાબી પાર વગરની, તોય ન માનેરે;
બકે કુવચનો જેમ સાંભળે, બાળક કાનેરે!
બેદરકારી આથી બીજી, જગમાં શું કહેવાય!
સદાચારનું તત્વ પછી ત્યાં, શી રીતે સમજાય! કમાણી.
બાળકનું ચિત જરૂર જાણો, બિલોર પ્યાલોરે;
જેવો ભરશો રંગજ તેવો, તરત નિહાળોરે;
વળે છે વાળ્યું વૃક્ષ કુમળું, પછી નથી વળનાર!
કહે સર્વ પણ થોડાં સમજે, એ સૂત્રનો સાર-કમાણી.

---

†काममामरणात्तिष्ठेद्गृहे कन्यर्तुमत्यपि ।
न चैवैनां प्रयच्छेत्तु गुणहीनाय कर्हिचित् ॥ १ ॥

ભાવાર્થઃ—

કન્યા ઋતુમતી થાય અને ભલે મરણ પર્યંત ઘરમાં રહે; તથાપિ પિતાએ ક્યારેય તેને ગુણહીનને આપવા નહીં. (૧)

એજ શ્લોકનો ભાવાર્થ હરિગીતમાં.

ગુણ કર્મ હોય વિરૂદ્ધ અન્યોઅન્ય જો દુઃખપ્રદ નક્કી;
તો કદી નહીં પરણાવશો, નિજ બાળ અથવા બાળકી;
જીવિત ભલી રહે છો કુંવારા, નિંદ્ય અસદૃશ સર્વથી;
વાંચો જરા મનુએ લખ્યું, હું મારનું આ કહેતો નથી.

મહર્ષિમનુ.

બાળકની અવલોકન શકિત, છે બહુ મ્હોટીરે;
ઉત્તમ પોષણ વિના થાય છે, કેવળ ખોટીરે;
એમાં કેનો વાંક વિચારો, કેની એમાં ભૂલ!
જે કરમાયું પુષ્પ ઉઘડતાં, તે ક્યમ થાય પ્રફુલ્લ! કમાણી.

ત્યારે પ્રજા સારી થવાનો પ્રથમ ઉપાય શો છે?

માલિની.

અધિક હિત પ્રજાનું, ચિત્તમાં જો વિચારો;
કમર નિજ કસી તો, વર્ગ આનો સુધારો;
પ્રથમ ઘટિત પાયો, એજ છે શ્રેષ્ટતાનો;
દુખદ દિન જશે સૌ, સર્વદા શ્રેય માનો.

પ્યારીને કેજે તું પ્રણામ–એ રાગનું પદ.

આઓને સુધારો ધરી હામ ધરી હામ ધરી હામરે–આઓને.
થવાની છે એક વેળા બાળકોની માતા એ,
શાણી માનો સાચો છે આરામ છે આરામ છે આરામરે–આઓને.
એક કામ શાન્તિ માટે નથી નિપજાવી નારી,

દોહરો.

કહે નેપોલ્યન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન.

નેપોલિયન.

Mother is the maker of nation.
અર્થ:— માતા ઉપરજ પ્રજાનો આધાર છે.

મિ. મલબારી.

માના દિલમાંથી બચ્ચાનું દિલ પેદા થાય છે.

આદમ.

ખ્યાલ ખોટો એ તો છે તમામ છે તમામ છે તમામરે—સ્ત્રીઓને.
ભૂલો છો કેમ ભાઈ પ્રજાને રંગવાનું,
સોંપવું છે એને રૂડું કામ રૂડું કામ રૂડું કામરે—સ્ત્રીઓને.
કાને ધરો કેંણુ મારૂં બ્હેરા બનો કાં વ્હાલા?
શૂરા થઈ રાખો હવે નામ હવે નામ હવે નામરે—સ્ત્રીઓને.
પુરૂષોથી એક ઘડી ઘરમાં બેસાતું નથી,
શોભાવે સન્નારી નરનું ધામ નરનું ધામ નરનું ધામરે—સ્ત્રીઓને.
બેઠા હો તો ઉઠો વીરા ઉઠયા હો તો ચાલો,
થાતું છે તમારૂં સારૂં આમ સારૂં આમ સારૂં આમરે—સ્ત્રીઓને.

પણ હાલની સ્ત્રીઓના સંબંધમાં એક ભાષાનો કવિ તો આ પ્રમાણે કહે છે.

कवित.

जहां गारगी सम ज्ञानवती नारीनके जन्म हते,
वहां आज देखो ज्ञानरा त त्रिया भई;
जहां दासीनके पुत्र हते नारद बिदुर जेसें,
तहां रानीनके पुत्र कोउ बांझनी त्रिया भई;
जहां पद्मनी पतिव्रता ह शीलताकी मूर्त्ति थी,
वहां हस्तिन रही कोउ पिशाचिनी त्रिया भई;
विधवा तो महंतनकी महंतिनी बनी बैठी,
जो कंथनकी कामनीथी सो संतनकी भामनी भई.

ગીતિ.

દર્શન, સ્પર્શન ભાષણ, વિષયકથા વા ધ્યાન અને ક્રીડા;
બ્રહ્મચારીએ તજવાં, નહીં તો આવે અનાયાસ પીડા.

અત્તર પુષ્પિતમાળા, આસવ, નિંદા, વિકારમય વાણી;
ચુંબન, આલિંગનાદિ, બ્રહ્મચર્યમાં કરે ઘણી હાણી.
ચવું નહીં સહવાસી, નરે નારીમાં નારીએ નરમાં;
શરમ શાન્તિ ઉર રાખી, ગુરૂ કને ભણવું શુભ વિદ્યાલયમાં.
શાસ્ત્રાજ્ઞા છે આવી, કોણ હાલમાં પણ એ પાળે છે!
ઋષિમુનિનું નહીં માને, સ્વચ્છંદતાને પૂંઠે પગ દે છે.

મલ્હાર.

લરજે મોરા જીયરવા—એ રાગમાં.

વારંવાર કહું શું કથી, હું વારંવાર કહું શું કથી?
ભરતખંડની ઘટે ભવ્યતા-વારંવાર.

ભાઈ આપણું બ્રહ્મચર્ય છે, રૂપ ખરૂં જુઓ શાસ્ત્ર મથી;
તે રૂપને શીદ બગાડો? કેમ ભેદ સમજાતો નથી?
ભરતખંડની ઘટે ભવ્યતા-વારંવાર.

આત્મસંયમ વિન જાય ભારતી, ભરાય ભૂમિ પામરથી;
સંધ્યા પ્રાણાયામ તજી કાં, અબળ થાઓ તન મન ધનથી?
ભરતખંડની ઘટે ભવ્યતા-વારંવાર.

જૂને પેટે લિંખ જનમશે, કાંઇક વિચારો ડહાપણથી;
આર્યસ્થાન ભરવું ધાર્યું છે, શું વ્હેંતિયા માણસથી!?
ભરતખંડની ઘટે ભવ્યતા-વારંવાર.

થાય અકાળે સંયોગ તેથી, ગરે સુત, નારી અતિ ગર્ભથી;
શરમ શરમ એ કેવી હાનિ! માત્ર આપણી ગફલતથી—
ભરતખંડની ઘટે ભવ્યતા-વારંવાર.

વાદવિવાદે વખત ન ગાળો, શું વળશે ખોટા હઠથી?
બ્રહ્મચર્ય દુર્લભ છે જગમાં, તે ઝટ પાળો હિંમતથી—
ભરતખંડની ઘટે ભવ્યતા-વારંવાર.